# ગુરુમાઈ ચિદ્વિલાસાનંદનાં દર્શન અને તેમનું પ્રજ્ઞાન

૧. દર્શન હૃદયમાં થાય છે. એ હૃદયમાં થઈ રહેલી શક્તિની ગતિશીલતા છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨. સાચા સાધકોમાં એ લલક હોય છે કે તેઓ જેને પણ મળે, એ બધાંમાં ભગવાનના મુખમંડળનાં દર્શન કરે, તેઓ જ્યાં પણ જાય, ત્યાં ભગવાનની ઉપસ્થિતિની અનુભૂતિ કરે કે તેઓ બધી દિશાઓમાં દિવ્ય પ્રકાશને ઝગમગતો જુએ, કે તેઓ બ્રહ્માંડના કણ-કણની સાથે એકત્વનો અનુભવ કરે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૩. સિદ્ધયોગ પથનો પરમ ઉદ્દેશ્ય છે, પોતાના અંતરાત્માને ઓળખવો, પોતાના દિવ્ય સત્ત્વનું સન્માન કરવું અને તેને પૂજવું. જ્યારે તમે આ પરમ ઉદ્દેશ્યનું અનુશીલન કરો છો ત્યારે તે તમને તમારા દિવ્ય સત્ત્વના સ્વરૂપ સુધી લઈ જાય છે   જે છે પરમ આનંદ.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૪. કલ્પના કરો કે સૂકી ધરતી પર વરસાદનાં ટીપાં પડી રહ્યાં છે. શું તમે જોઈ શકો છો કે જમીન કેટલી નરમ અને ફળપ્રદ થઈ જાય છે? એ જ રીતે, ભક્તિનાં ટીપાં હૃદયની શ્રેષ્ઠતાને પ્રગટ કરે છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૫. ઉત્કૃષ્ટ સદ્‌ગુણો સતત એક રમણીય નિવાસની શોધ કરતા રહે છે. તમને યોગ્ય જોઈને તે આવીને તમારી અંદર વસી જાય છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૬. કૃપાની ઉપસ્થિતિમાં સમય થોભી જાય છે. અજ્ઞાનનો પડદો હટી જાય છે; પ્રકાશ પ્રસરવા લાગે છે. તમારી સંપૂર્ણ સત્તા દેદીપ્યમાન થઈ જાય છે; અંતરનાદ સંભળાવા લાગે છે. જીવાત્મા પરમાત્મા સાથે એકાકાર થઈ જાય છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૭. જ્યારે તમારું હૃદય ખુલ્લું હોય છે, જ્યારે તમે તમારા હૃદયમાં હો છો, ત્યારે તમે સૂર્યોદયને, વૃક્ષોને, પર્વતોને જે રીતે જુઓ છો તે અસાધારણ હોય છે, તે અનુપમ હોય છે. વારંવાર તમારા ધ્યાનને તમારા હૃદયની ભવ્યતા પર લાવો.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૮. નામસંકીર્તન અને ધ્યાન કરતાંકરતાં તમે એ મહાનતાને જોવા લાગો છો જે તમારી અંદર વિદ્યમાન છે; તમને તમારી અંદર એક સંપૂર્ણ નવા લોકની ઝલક મળે છે. તમારા અંતર જગત સુધી લઈ જતા જે સેતુનું તમે નિર્માણ કરી રહ્યાં છો, જ્યારે તે મજબૂત થતો જાય છે અને દૂર સુધી પહોંચે છે, ત્યારે તમને પરમ આત્માના મહિમાની અનુભૂતિ થવા લાગે છે; તમને દિવ્ય પ્રકાશનાં, તેજોમય પરમેશ્વરનાં દર્શન થવા લાગે છે. ત્યારે તમને એક મનુષ્યની સાચી યોગ્યતાની જાણ થાય છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૯. ભગવાનનું સ્તુતિગાન, એક સ્થાનને બીજા સ્થાન સાથે, એક હૃદયને બીજા હૃદય સાથે જોડે છે. એ તમને પ્રફુલ્લિત કરી દે છે. તમને એક નવો ઉત્સાહ મળે છે. સિદ્ધયોગ પથ પર, આ આનંદપૂર્ણ ધ્વનિને નામસંકીર્તન કહે છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૦. સર્વોચ્ચનો અનુભવ કરવા માટે, પરમાત્માનો અનુભવ કરવા માટે, તમારે સ્વપ્રયત્ન કરવો જ પડશે. આ રીતે, જ્યારે તમને ગુરુકૃપા પ્રાપ્ત થશે તો તે સદૈવ તમારી સાથે રહેશે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૧. જ્યારે તમે પ્રાર્થના કરો છો, ત્યારે તમે એ વાયુમંડળમાં પ્રવેશ કરો છો જે ભગવાનના અંતરમાં છે; તમે વાસ્તવમાં તેમની સત્તામાં પ્રવેશ કરો છો. પ્રાર્થના ભગવાન સાથે વાત કરવાનું સાધન છે. પ્રાર્થના આશ્વાસન આપે છે. પ્રાર્થના એ ચુંબક છે જે ભગવાનની ઉપસ્થિતિને આકર્ષિત કરે છે.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૨. સેવા પરમોધર્મઃ, 'નિઃસ્વાર્થ સેવા પરમ ધર્મ છે.' સેવામાં હૃદય ભગવાનના આદેશનું પાલન કરવા માટે તત્પર હોય છે.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૩. તમારે તમારી અંદરના ગહન મૌનને ચાખવું જ જોઈએ. જ્યારે તમે પૂર્ણ રીતે સ્થિર થઈ જાઓ છો ત્યારે તમે એ વસ્તુઓને જોઈ શકો છો જે વૈભવશાળી છે, પણ મોટેભાગે તેના તરફ ધ્યાન નથી આપાતું, જેમકે કમળના પાંદડા પર પડેલા પાણીના ટીપામાં તારાનું પ્રતિબિંબ. એ પૂર્ણ સ્થિરતાને સિદ્ધયોગ ધ્યાન કહે છે.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૪. રણપ્રદેશની મંદ-મંદ હવા
આ શબ્દો ધીરેથી કહે છે —
*શિવદૃષ્ટિ*
*ૐ નમઃ શિવાય*
*શિવભાવ*
*શિવોઽહમ્*
*શિવદર્શન*
*આ બધું શિવ છે.*

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૫. જ્યારે તમે ધ્યાન દ્વારા વારંવાર અંતર્મુખી થતા રહો છો, ત્યારે તમે તમારી સત્તાના એ ભાગનો અનુભવ કરવા લાગો છો જે પૂર્ણતઃ જાગ્રત છે. આ જાગ્રતાવસ્થા સદૈવ વિદ્યમાન, સદૈવ પ્રશાંત, સદૈવ ઝગમગ, સદૈવ દેદીપ્યમાન, સદૈવ પ્રવાહિત થનારી શક્તિ છે.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૬. આદિમાં પ્રેમ. અંતમાં પ્રેમ. મધ્યમાં આપણે સદ્‌ગુણોનો વિકાસ કરવાનો છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૭. સિદ્ધયોગનું તત્ત્વજ્ઞાન આ છે : આપણે જે વ્યક્તિ અને જે વસ્તુને જોઈએ, તેનામાં ઝગમગતા નીલપ્રકાશનો અનુભવ કરવો; બીજાં લોકોની જરૂરિયાતને સમજવી; દરેક સમયે દિવ્ય હૃદયના મૃદુલ, પ્રેમપૂર્ણ અને નિશ્ચિંત ધબકારાનો અનુભવ કરવો; ધીમેથી ચાલવું અને મધુર બોલવું; નિર્બાધરૂપે ભગવાનનો મહિમા ગાવો; બધાં પ્રાણીઓને ભગવાનના એક મોટા પરિવારરૂપે જોવાં; દરેક વસ્તુ અને દરેક વ્યક્તિમાં પરમ આત્માને ઓળખવો. આને જ તમારું લક્ષ્ય બનાવી લો. આને જ તમારો સંકલ્પ બનાવી લો. આને જ તમારો પથ બનાવી લો.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૮. ઓऽમ્ અસ્ત થઈ રહેલો સૂર્ય બની જાય છે,
ઓऽમ્ રાત્રિના આકાશ માટે કામળો બની જાય છે,
ઓऽમ્ સુસ્પષ્ટ સ્વપ્નોનું આવાહન કરે છે,
ઓऽમ્ એક કૃપાળુ માનવ-મુખ બની જાય છે.
ઓऽમ્ બધું જ છે અને ઓऽમ્ શૂન્ય છે.
ઓऽમ્ના આશીર્વાદ વરસે છે.
*હરિ ૐ તત્સત્.*

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૧૯. શાસ્ત્રોમાં જેટલાં પણ અનુષ્ઠાન જણાવવામાં આવ્યા છે, તેમાં સૌથી પ્રભાવશાળી છે, માનસપૂજા.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૦. ધ્યાન એ શક્તિ છે જે મનને તેના પોતાના સ્રોતની તરફ આકર્ષિત કરે છે તથા મન અને શરીરને પોતાના તેજથી ભરી દે છે. માત્ર ધ્યાનના માધ્યમ દ્વારા વ્યક્તિ શાશ્વતતાને સ્પર્શ કરે છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૧. શ્રીગુરુ અંદર પણ છે અને બહાર પણ. શ્રીગુરુ નજીક પણ છે અને દૂર પણ. તમે કોઈપણ સ્થાનમાં, કોઈપણ સમયે, ગુરુશક્તિની, ગુરુતત્ત્વની અનુભૂતિ કરી શકો છો. તમે ભૂતકાળમાં વર્ષો પહેલાં તેનો અનુભવ કરી શકો છો. તમે ભવિષ્યમાં અનેક વર્ષો પછી તેનો અનુભવ કરી શકો છો. અને તમે અત્યારે, આ વર્તમાન ક્ષણમાં ગુરુશક્તિની અનુભૂતિ કરી શકો છો.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૨. ‘‘હું મહાન છું,’’ જ્યારે તમે આનો અનુભવ કરો છો ત્યારે તમે તમારી અંદર મહાન સદ્‌ગુણોની ઉપસ્થિતિનું આવાહન કરી રહ્યાં હો છો.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૩. આ જ કામના કરો કે તમને ભગવાનનાં દર્શન થાય. સદૈવ. તમે જે પણ કરી રહ્યાં હો, જ્યાં પણ જઈ રહ્યાં હો, જેની પણ સાથે વાત કરી રહ્યાં હો, તમારી ગહનતમ ઇચ્છા આ જ રાખો, ‘‘હે ઈશ્વર, તમે આ વ્યક્તિમાં સ્વયંને પ્રગટ કરો, આ વસ્તુમાં, મારા ધર્મમાં, આ કાર્યમાં, તમે સ્વયંને પ્રગટ કરો. હું જે પણ જાણું, જે પણ પામું, તમે ત્યાં રહો.’’

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૪. જ્યારે તમે પૂર્ણ હૃદયથી પૂજા કરો છો તો તેનાથી અદ્‌ભુત ભક્તિ જાગે છે. પૂજા એ દ્વાર છે જેમાંથી ભગવાન પોતાના ભક્તો માટે પ્રેમ વરસાવી શકે છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૫. એક સાદુ જાસૂદનું ફૂલ જીવનનો ઉત્સવ મનાવે છે
જ્યારે તે એ પ્રેમને પોતાના શ્વાસમાં સમાવી લે છે
જે બ્રહ્માંડની શક્તિએ, તેના સર્જનહારે એનામાં ભરી દીધો છો.
દરેક જીવ આ પ્રેમને, જીવનને
અને આ દિવ્યતાને યોગ્ય છે.

*~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૬. સિદ્ધયોગ કૃપાનો, શ્રીગુરુની પ્રચુર કૃપાનો યોગ છે. આ કૃપા મુક્તરૂપે, સહજ જ સાધકોનાં જીવનમાં પ્રવેશ કરે છે. તથાપિ, ગુરુકૃપા તેની પૂર્ણતામાં પ્રગટ થઈ શકે, તેના માટે એ જરૂરી છે કે સાધક પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે યોગ્ય અને સાચો પ્રયત્ન કરે.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૭. જો તમે પ્રકૃતિને ધ્યાનપૂર્વક જોશો તો તમે જાણશો કે પ્રકૃતિ સતત અંતર્મુખી થતી રહે છે. પછી ભલે તે સમુદ્ર હોય કે વૃક્ષ, પશુ હોય કે ફૂલ; માટી હોય કે પવન, અગ્નિની જ્વાળા હોય કે આકાશ, પ્રકૃતિ સતત પોતાનામાં પાછા ફરવાની પ્રક્રિયામાં રહે છે. જોકે પ્રકૃતિ બહારની તરફ વિસ્તૃત થતી દેખાય છે, પણ સત્ય એ છે કે પ્રકૃતિ સતત અંતમુર્ખી થવાની પ્રક્રિયામાં પણ જોડાયેલી રહે છે.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૮. માત્ર એક જ પ્રકાશ છે, તમારા પોતાના હૃદયનો મહાન પ્રકાશ. આ બોધ રાખીને ધ્યાન કરો : ‘‘હું પ્રકાશ છું. પ્રકાશ હું છે. હું પ્રકાશ છું. હું છું.’’

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૨૯. વિસ્મય, આશ્ચર્ય, ચમત્કાર . . . વિસ્મયનો અનવરત ભાવ મન અને હૃદયને સજગ રાખે છે.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૩૦. જ્યારે તમે મંત્રજપ કરો છો તો તે તમને ત્યારે બળ આપે છે જ્યારે તમને બળની આવશ્યકતા હોય છે અને જ્યારે તમને મધુરતાની આવશ્યકતા હોય, ત્યારે તે તમને મધુરતા આપે છે. જે કંઈ પણ શ્રેષ્ઠ અને કલ્યાણકારી છે, તે એનો ભંડાર છે.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૩૧. ધન્ય છે એ લોકો જેમને કૃતજ્ઞતાના ભાવમાં ઊંડું આશ્વાસન મળે છે. ધન્ય છે એ લોકો જે એ બધી વસ્તુઓ પ્રત્યે જાગરૂક છે જેના માટે તેમણે કૃતજ્ઞ હોવું જોઈએ અને આ રીતે તેઓ કૃતજ્ઞતાને એક આધ્યાત્મિક અભ્યાસ બનાવી લે છે. ધન્ય છે એ લોકો જેમની પાસે આ સ્વર્ણિમ અવસર છે કે તેઓ પોતાના જીવનમાં કૃપાની ઉપસ્થિતિ માટે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી શકે.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૩૨. હૃદયમાં પ્રવેશ કરવો એ સૂર્યના કેન્દ્રમાં આવવા સમાન છે. તમે રહેતા જ નથી; એ પ્રકાશની સપ્તરંગી શક્તિ સિવાય બીજુ કંઈ હોતું જ નથી. જ્યારે તમે સૂર્યના કેન્દ્રમાં હોવ છો તો તેના પ્રકાશને કોઈપણ રીતે રોકી શકાતો નથી. એ તમારામાંથી થઈને તમારી ચારે બાજુ વહે છે. તેથી પોતાના હૃદયમાં પ્રવેશ કરવાથી, તમે આખા સંસારને વધુ સારું સ્વર્ગ બનાવી દો છો.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

૩૩. જેઓ મને મારા વાસ્તવિકરૂપે ઓળખે છે, તેઓ એ જાણે છે કે હું તમારી સાથે છું. તમારા પ્રત્યે મારો જે પ્રેમ છે, જો તમે માત્ર તેમાં તમારી આસ્થા રાખી શકો તો તમે બધું જ પામી લેશો.

~ *ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ*

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.
(સ્વામી) ચિદ્વિલાસાનંદ, ગુરુમાઈ અને સિદ્ધયોગ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®ના રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક છે.